# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*******************************************************

1) કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ-PACSનો નવસંચાર કરીને સહકારી માળખાને મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

2) હૈદરાબાદમાં લાગેલી આગમાં આઠ લોકોના મોત અનેક ઇજાગ્રસ્ત.

3) ઇઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં યુદ્ધવિરામ માટે ફરીથી વાટાઘાટો શરૂ.

4) જમ્મુ કાશ્મીરમાં મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની સુરક્ષા માટે ભૂતપૂર્વ સૈનિકોની નિમણૂકને મંજૂરી

5) IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ-PACSનો નવસંચાર કરીને દેશમાં સહકારી માળખાને મજબૂત કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે. અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધતા શ્રી શાહે બંધ થયેલી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓનાં આર્થિક પુનરુત્થાનને ધ્યાનમાં રાખીને નવી નીતિની યોજનાઓની જાહેરાત કરી હતી. તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા પણ રજૂ કરી હતી.

## (BYTE: AMIT SHAH PACS REG)

સહકારી મંડળીઓમાં સહકારના સિદ્ધાંત પર સરકારના ધ્યાન પર પ્રકાશ પાડતા શ્રી શાહે જણાવ્યું કે આ પહેલથી સહકારી થાપણોમાં 11,000 કરોડ રૂપિયાનો વધારો થયો છે.

શ્રી શાહે તમામ પ્રકારની સહકારી સંસ્થાઓને મજબૂત કરવા ભાર મૂકતાં આ મુજબ જણાવ્યું ...

## (BYTE: AMIT SHAH CO.GROTH)

આ કાર્યક્રમમાં રાજ્યની 800 સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 4 હજાર થી વધુ સહકારી અગ્રણીઓએ ભાગ લીધો હતો. ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા ગૃહમંત્રી આજે બપોર પછી અમદાવાદ અને મહેસાણામાં અન્ય કેટલાક કાર્યક્રમોમાં પણ ભાગ લેવાના છે.

# HYDERABAD – FIRE

હૈદરાબાદમાં ચારમીનાર નજીક રહેણાંક વિસ્તારમાં આજે સવારે લાગેલી આગમાં લગભગ આઠ લોકોના મોત થયા છે જ્યારે ઇજાગ્રસ્ત થયેલા લોકોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. નવ અન્ય લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે. અગ્નિશમન દળની 11 ટીમ આગ બુઝાવવાના કામે લાગી હતી અને 16 લોકોને બચાવ્યા હતા. જો કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને તેની તપાસ ચાલી રહી હોવાનું સ્થાનિક પોલીસે જણાવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગની આ દુર્ઘટનામાં થયેલી જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાય જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તેમણે ઘાયલોના જલ્દી સ્વસ્થ થવાની પણ કામના કરી છે.

કેન્દ્રીય કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ઘટના સ્થળની મુલાકાત લઈને અસરગ્રસ્ત પરિવારોને તમામ સહાયની ખાતરી આપી હતી. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અધિકારીઓને અસરગ્રસ્ત લોકોને સારી તબીબી સહાય પૂરી પાડવા માટે તમામ પગલાં લેવા નિર્દેશ આપ્યો છે.

# MAHA - NAGPUR TIRANGA RALLY

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, વિશ્વએ આત્મનિર્ભર ભારતની લશ્કરી તાકાત અને ઓપરેશન સિંદૂર દ્વારા 'મેક ઇન ઇન્ડિયા' પહેલની સફળતા જોઈ છે. આજે નાગપુર જિલ્લાના ખાપરખેડા પંચાયત વિસ્તારમાં આયોજિત તિરંગા યાત્રા બાદ પત્રકારો સાથે વાત કરતાં તેમણે આ મુજબ કહ્યું હતું.

વૈશ્વિક મંચ પર ભારતના સંરક્ષણ દળોના વધતા મહત્વ પર ભાર મૂકતા તેમને સ્વદેશી રીતે વિકસિત શસ્ત્રોને કારણે ભારતની સંરક્ષણ ક્ષમતાઓની માંગ વધી રહી હોવાનું પણ જણાવ્યું હતું.

(BYTE: દેવેન્દ્ર ફડણવીસ)

# ISRAEL-HAMAS TALKS

ઇઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં યુદ્ધવિરામ માટે ફરીથી વાટાઘાટો શરૂ થઈ છે. કતાર અને અમેરિકાની મધ્યસ્થી હેઠળ ગઈકાલે દોહામાં વાટાઘાટો શરૂ થઈ હતી. હમાસે 60 દિવસના યુદ્ધવિરામ અને ઇઝરાયલ દ્વારા પેલેસ્ટિનિયન કેદીઓની મુક્તિના બદલામાં નવ બંધકોને મુક્ત કરવા સંમતિ આપી છે.

ઇઝરાયલે હજુ સુધી આ પ્રસ્તાવ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ કતારમાં વાટાઘાટો પહેલાં ગાઝામાંથી સૈનિકો પાછા નહીં ખેંચે અને યુદ્ધનો અંત લાવવાનું વચન પણ આપશે નહીં તેમ કહ્યું છે. ઇઝરાયલના સંરક્ષણ મંત્રીએ જણાવ્યા પ્રમાણે હમાસને ખતમ કરવાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નવી લશ્કરી કાર્યવાહી ચાલુ રહેશે. દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે વિસ્થાપિત નાગરિકો અંગે ચિંતા વ્યક્ત કરી છે.

# MOS DEFENCE LIMA 2025

સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ આગામી મંગળવારથી મલેશિયાના લેંગકાવી ખાતે યોજાનારી 17મી લેંગકાવી  આંતર રાષ્ટ્રીય સમુદ્રી વેપાર અને એરોસ્પેસ પ્રદર્શનીમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. શ્રી સેઠ LIMA-2025માં સ્થાપિત ભારતીય પેવેલિયનનું ઉદ્ઘાટન કરશે.

મુલાકાત દરમિયાન તેઓ મલેશિયાના સંરક્ષણ મંત્રીને પણ મળશે. સંરક્ષણ મંત્રાલએ એક નિવેદનમાં જણાવ્યા અનુસાર, શ્રી સેઠની મુલાકાત બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારીને વિસ્તૃત કરશે. બંને દેશો 2024માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મલેશિયા મુલાકાત દરમિયાન રચાયેલી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અનુસાર કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. ભારતના ડોર્નિયર એરક્રાફ્ટ અને ઓરાન નૌકાદળના જહાજો પણ LIMA-2025 પ્રદર્શનમાં ભાગ લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PREZ PM – DHANKHAR

રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શ્રી ધનખડને સારા સ્વાસ્થ્ય અને રાષ્ટ્રની સેવામાં ઘણા વર્ષો સુધી સેવા આપે તેવી શુભેચ્છા પાઠવી છે.

શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે શ્રી ધનખડને બંધારણનું ખૂબ સારું જ્ઞાન છે, જે વકીલ તરીકેના તેમના વર્ષોના કાર્યમાં પ્રતિબિંબિત થાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, શ્રી ધનખડે ઉપાધ્યક્ષ અને ઉપલા ગૃહના અધ્યક્ષ તરીકે રાજ્યસભાની કાર્યશૈલીને સુધારવા માટે પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. શ્રી મોદીએ શ્રી ધનખડને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી છે.

# J&K - EX-SERVICEMEN

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓની સુરક્ષા માટે ભૂતપૂર્વ સૈનિકોની નિમણૂકને મંજૂરી આપવામાં આવી છે. આ દરખાસ્ત જમ્મુ કાશ્મીર સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ માટે ચાર હજાર ભૂતપૂર્વ સૈનિકો સ્વયંસેવકોની ઓળખ કરવામાં આવી છે. તેમાંથી 435 પાસે લાઇસન્સ પ્રાપ્ત શસ્ત્રો પણ છે. આ ભૂતપૂર્વ સૈનિકો રાજ્યના તમામ 20 જિલ્લાઓમાં પાવર સેન્ટરો, પુલો, સરકારી મથકો અને અન્ય સંવેદનશીલ મથકોની સુરક્ષામાં તૈનાત કરવામાં આવશે.

# TRUMP - RUSSIA UKRAINE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવતીકાલે રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુક્રેનિયન રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી સાથે અલગથી વ્યક્તિગત રીતે વાત કરશે અને બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાર માટે પ્રયાસ કરશે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે લોહિયાળ જંગને સમાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. તેમણે કહ્યું કે, આ યુધ્ધને કારણે દર અઠવાડિયે પાંચ હજાર થી વધુ રશિયન અને યુક્રેનિયન સૈનિકોના જીવ જઇ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે વેપાર સંબંધિત મુદ્દાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શુક્રવારે અગાઉ, રશિયન અને યુક્રેનિયન પ્રતિનિધિમંડળો તુર્કીના ઇસ્તંબુલમાં મળ્યા હતા અને વાટાઘાટોનો નવો રાઉન્ડ યોજવા સંમત થયા હતા. બે કલાકની વાટાઘાટોનું મુખ્ય પરિણામ મોટા પાયે કેદીઓની આપ-લે પર કરાર હતો, જેમાં બંને પક્ષના એક હજાર વ્યક્તિઓનો સમાવેશ થતો હતો.

# IPL-MATCH-WASHOUT

IPLમાં આજે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ તથા રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

રાજસ્થાન રોયલ્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે બપોરે 3:30 વાગ્યે સવાઈ માનસિંહ સ્ટેડિયમ, જયપુર ખાતે થશે, જ્યારે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે સાંજે 7:30 વાગ્યે અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી ખાતે થશે.

# FOOTBALL- SAFF UNDER-19

19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓની ફૂટબોલ ચેમ્પિયનશિપ SAFFની ફાઇનલ આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાશે. આ મેચ અરુણાચલ પ્રદેશના યુપિયામાં સાંજે 7 વાગ્યે શરૂ થશે. ભારતે માલદીવને હરાવીને અને બાંગ્લાદેશે નેપાળને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

દરમિયાન આ ચેમ્પિયનશિપમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અત્યાર સુધી રમાયેલી ચારેય મેચોમાં ભારતે જીત મેળવી છે.

# US-TORNADOES-TOLL

અમેરિકાના કેન્ટુકી, મિઝોરી અને મધ્યપશ્ચિમ અને દક્ષિણના અન્ય ભાગોમાં ભારે વાવાઝોડાને કારણે ઓછામાં ઓછા 23 લોકો માર્યા ગયા છે .

કેન્ટુકીમાં 14 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું કે, મૃત્યુઆંક વધી શકે છે. વીજ પુરવઠો ખોરવાતા 10 લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યા છે. અમેરિકાના પાંચ રાજ્યોમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. મિઝોરીમાં સાત અને ઉત્તરી વર્જિનિયામાં બે લોકોના મોત થયા. અમેરિકાના રાષ્ટ્રીય હવામાન સેવાએ રવિવાર અને સોમવારે હવામાન વધુ ખરાબ થવાની ચેતવણી આપી છે.